કૃપાકરી પ્રસિધ્ધી માટે ૨૭ એપ્રિલ૨૦૧૨

## શ્રી રામ નાઈક, માજી રેલ્વે રાજય પ્રધાન (સ્વતંત્ર પ્રભાર) એ મુંબઈ ખાતે ૨૭ એપ્રિલ ૨૦૧૨ નાં રોજ પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન

**મુંબઈ, શુક્રવાર :** પશ્ચિમ રેલ્વે પર ચર્ચગેટ થી દહાણુ સીધી લોકલ સેવા શરૂ કરવા બાબતે સકારાત્મક નિર્ણય લેવામાં આવશે તેમજ ઉપનગરી પહેલા વર્ગનાં ભાડામાં કરેલ ભાવવધારો રદ્દ કરવાનો વિચાર પણ કરવામાં આવશે, તેવું આશ્વાસન રેલ પ્રધાન શ્રી મુકુલ રૉય એ માજી રેલ્વે રાજય પ્રધાન (સ્વતંત્ર પ્રભાર) શ્રી રામ નાઈક ના નેતૃત્વ તળે ગયેલ ભારતીય જનતા પક્ષના શિષ્ટમંડળને ગુરૂવારે દિલ્લી ખાતે આપ્યું છે. શિષ્ટ મંડળમાં સાંસદ શ્રી પિયુષ ગોયલ, ધારાસભ્ય શ્રી ચિંતામણ વનગા, દહાણુ ના માજી નગરાધ્યક્ષ અને બોરીવલીના નગરસેવિકા શ્રીમતી મનીષા ચૌધરી, વસઈ-વિરાર મહાનગરપાલિકા ના નગરસેવક શ્રી રાજન નાઈક, ભાજપ મહારાષ્ટ્ર આઈ ટી સેલ ના શ્રી વિનીત ગોયંકા, મહારાષ્ટ્ર મચ્છીમાર સહકારી સંઘટના અધ્યક્ષ શ્રી રાજેંદ્ર મેહેર અને વસઈ ના શ્રી રામદાસ મેહેર નો સમાવેશ હતો, તેમજ ચર્ચાના સમયે રેલ્વે મંડળના વાહતુક સદસ્ય શ્રી કે.કે. શ્રીવાસ્તવ અને વિદ્યુત સદસ્ય શ્રી કુલભુષણ ઉપસ્થિત હતા.

ચર્ચા બાબતે વધુ માહિતી આપતા શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, "રૂ.૫૭ કરોડ ખર્ચ કરી વિરાર-દહાણુ રેલ્વે માર્ગ પહોળો કરવામાં આવ્યો હોવાથી ચર્ચગેટ થી દહાણુ માર્ગ પર વિદ્યુત પ્રવાહ ડાયરેકટ કરંટ ના બદલે (ડી.સી.) અલ્ટરનેટ કરંટમાં પરિવર્તીત કરવામાં આવેલ છે. તેથી ચર્ચગેટ થી દહાણુ સુધૂ સીધી લોકલ સેવા શરૂ થઈ શકે. તાંત્રિકદ્રષ્ટિએ આમ કરવું શકય હોવાથી રેલ્વે પ્રધાને માન્ય કર્યું તેમજ લોકલ સેવા શરૂ કરવા બાબતે સકારાત્મક નિર્ણય બની શકે તેટલો શીઘ્ર લેવામાં આવશે તેમ જણાવ્યું છે. એસિવાય દ્વિતિય વર્ગ તેમજ એ.સી. થ્રી ટાયર અને એ.સી. ચેયર કાર નો પ્રસ્તાવિત ભડાવધારો રેલ્વે પ્રધાને રદ્દ કર્યો પરંતુ તે સેવા ની સમકક્ષ સર્વસાધારણ પ્રથમ વર્ગ ની પ્રતિ કિલોમીટર ૧૦ પૈસા નો ભાડાવધારો પાછો ન ખેંચતા પ્રથમ વર્ગના ઉપનગરી મુસાફરોને ભેદભાવભર્યુ વર્તન કર્યં હોવાનુ લાગતા તે ભાડાવધારો પાછો ખેંચવાની માગણી કરવામાં આવી હતી. આ માગણી ન્યાય પૂર્ણ હોવાનું માન્ય કરવા છતાં પણ ભાડાવધારો રદ્દ કરવાનો વિચાર કરવામાં આવશે તેવું આશ્વાસન પણ આપ્યું હતું."

ડી.સી. ના બદલે એ.સી. વિદ્યુત પ્રવાહનું કામ પૂર્ણ થયું હોવાથી હવે લોકલ ગાડીઓ કલાકે ૮૦ ની બદલે ૧૦૦ ની ઝડપ થી અર્થાત ૨૫ ટકા વધુ ઝડપથી દોડી શકે છે. તેથી દર કલાકે ૮૦ કિલોમીટર ની ઝડપના આધારે તૈયાર કરવામાં આવેલ ગાડીઓનું વર્તમાન સમયપત્રક બદલાવીને ૧૦૦ કિલોમીટરની ઝડપના આધારે નવું સમયપત્રક તૈયાર કરવામાં આવે અને તે તૈયાર કરતી વખતે પ્રવાસી સંગઠનોને પણ વિશ્વાસમાં લેવામાં આવે તેવી શ્રી રામ નાઈકે માગણી કરી હતી. આ સૂચન વ્યવહારૂ હોવાનું રેલ્વે પ્રધાને માન્ય કરી તે મુજબ કાર્યવાહી કરવાની સૂચના રેલ્વે મંડળના વાહતુક સદસ્યોને આપી.

"ઉપલિખિત ત્રણ માગણીઓ સિવાય મુંબઈ ના ૭૨ લાખ યાત્રિઓ માટે ઉપનગરી પ્રવાસ વ્યવસ્થાની શ્વેત પત્રિકા બહાર પાડી તે મારફત હાલ ચાલૂ અને ભવિષ્યમાં શરૂ કરવામાં આવનારી સર્વ યોજનાની શ્વેતપત્રિકા બહાર પાડવાની માગણી કરવામાં આવી હતી. તેનો રેલ્વે પ્રધાને સકારાત્મકપ્રતિસાદ આપી મુંબઈ ની સાથે સાથે કોલકાતા અને ચેન્નઈ નો સમાવેશ કરી આ ત્રણે મહાનગરની શવેતપત્રિકા પ્રસિધ્ધ કરવાનું રેલ્વે પ્રધાને માન્ય કરેલ છે," તેમ પણ શ્રી રામ નાઈકે કહ્યું હતું.

મુંબઈ માં રેલ્વે પ્રવાસીઓની ગિર્દીની પ્રચંડ તાણ ધ્યાનમાં લઈ ૯ ડબ્બાની ગાડીઓ ૧૨ ડબ્બાની કરવાના કાર્ય ને અગ્રક્રમ આપવામાં આવે તેમજ ૧૫ ડબ્બા ની ગાડીઓ શરૂ કરવાના કામ ને ઝડપ આપવી અને તેમાટે નવા ડબ્બા ખરીદી કરવા ની યોજના માટે વધુ ફંડ ઉપલબ્ધ કરી આપવાની માગણી પણ શિષ્ટમંડળે કરી હતી. ગિર્દીના સ્ટેશનો પર એક પ્લેટફોર્મ થી બીજા પ્લેટફોર્મ પર જવા માટે ૫૦ સરકતી નિસરણી (એસ્કેલેટર્સ) આ વર્ષે પૂરા કરવામાં આવશે તેવું રેલ્વેપ્રધાને આવર્ષના અર્થસંકલ્પના ભાષણમાં કહ્યું હતું, જયારે કે અર્થસંકલ્પીય ગુલાબી પુસ્તકમાં મધ્ય રેલ્વે પર ૩૩ નિસરણીઓ રૂ.૨૦.૭૯ કરોડ ખર્ચીને અને પશ્ચિમ રેલ્વે પર ૧૮ નિસરણીઓ રૂ.૧૧.૩૪ કરોડ ખર્ચી બાંધવામાં આવશે તેવો ઉલ્લેખ છે, પરંતુ તે માટે દરેક દીઠ ફકત રૂ.૧૦ લાખની જાગવાઈ કરવામાં આવી છે. શ્રી રામ નાઈકે ધ્યાન દોરતા ૫૦ નિસરણી ચોકકસ પૂર્ણ કરવામાં આવશે તેવું સ્પષ્ટીકરણ રેલ્વે મંડળના વાહતુક સદસ્યએ આપેલ છે.

" રેલ્વે પ્રધાને મુંબઈ આવી પ્રવાસી સંગઠન સાથે રૂબરૂ સંવાદ સાધવાની શિષ્ટમંડળે કરેલી વિનંતી પણ શ્રી મુકુલ રૉયે માન્ય કરેલ છે," અંતે તેવું પણ શ્રી રામ નાઈકે કહ્યું હતું.

**( કાર્યાલય સચિવ )**